# ૧.૧૦ પ્રતિભાવંત જૈન શ્રાવિકા (સન્નારીઓ)

## સુલસા

ભગવાન મહાવીર ચંપાનગરીમાં સમવરણમાં દેશના આપતા હતા, ત્યારે રાજગૃહી નગરી તરફ જઇ રહેલા અંબડ પરિવ્રાજકને કહ્યું, ''તમે રાજગૃહી જાઓ ત્યારે નાગસારથિની શીલવતી શ્રાવિકા સુલસાને મારા ધર્મલાભ કહેજો.''

અબંડ પરિવ્રાજકને થયું કે પ્રભુ મહાવીર જે શ્રાવિકાને ધર્મલાભ કહેવડાવે, તે શ્રાવિકા ધર્મ અને વ્રતથી કેવી સુશોભિત હશે ! અંબડ પરિવ્રાજકને સુલસાની ધર્મભાવનાની અગ્નિપરીક્ષા લેવાની ઇચ્છા થઇ, તેથી યતિનો વેશ લઇને સુલસા પાસે સચિત્તની માંગણી કરી, પરંતુ સુલસા સહેજે ચલાયમાન થઇ નહીં. એ પછી એણે બ્રહ્માનું રૂપ લીધું અને નગરીનાં પૂર્વ દ્વાર પર ચાર મુખ, રાજહંસ પર સવારી, અર્ધાંગે સાવિત્રી એમ સાક્ષાત બ્રહ્મા હોવાનો દેખાવ સર્જ્યો. આ ચમત્કાર જોવા આખી નગરી ઊમટી, પરંતુ ધર્મનિષ્ઠ સુલસાની પ્રભુનિષ્ઠા સહેજે ચલિત થઇ નહીં. બીજે દિવસે એણે શંકરનું, ત્રીજે દિવસ શ્રી વિષ્ણુનું અને ચોથા દિવસે તીર્થંકરનું રૂપ લીધું. તીર્થંકર બિરાજમાન હોય, તેવું દ્રશ્ય ઊભું કર્યું. અંબડને એમ હતું કે ગમે તેમ તોય તીર્થંકરનાં દર્શન કરવા તો સુલસા આવશે જ, પરંતુ સુલસા આવી નહિ. બીજી બાજુ રાજગૃહી નગરીનો જનસમૂહ આ પચ્ચીસમાં તીર્થંકરનાં દર્શન માટે ઊમટ્યો. આખરે અંબડે કોઇની સાથે સુલસાને આવવા માટે નિમંત્રણ મોકલ્યું. અને સાથે તાકીદ કરી કે સુલસા તો તીર્થંકરની પરમ ઉપાસિકા છે અને એ ખુદ તીર્થંકરનાં દર્શને આવે નહીં, તે કેવું ગણાય ?

સુલસાએ નિમંત્રણ લાવનારને પ્રત્યુત્તર આપ્યો, ''મહાનુભાવ ! આ પચ્ચીસમા તીર્થંકર નથી, બલ્કે કોઇ ધૂર્ત અને માયાવી માનવી તીર્થંકર બની બેઠા છે. તીર્થંકર ભગવાન પધારે તેની જાણ તો વાયુ અને વનસ્પતિથી પણ સહુને થઇ જાય. આજે એવું કશું થતું નથી, બલ્કે એમને એમના આગમનની જાણ કરવી પડે છે.''

સુલસાની અડગ ધર્મશ્રધ્ધા જોઇને અંબડે એનાં જુદા જુદા રૂપ સમેટી લીધાં. સુલસાને ઘેર આવીને એણે કહ્યું, ''તમે સાચે જ અત્યંત ભાગ્યશાળી છો. ચંપાનગરીમાં બિરાજતા ભગવાન મહાવીર સ્વામીએ સ્વયં તમને મારા દ્વારા ધર્મલાભ કહેવડાવ્યા છે.''

આ સાંભળી સુલસાના હૃદયમાં રોમાંચ અને આનંદ જાગ્યો. એની વાણી ભક્તિથી ગદ્‌ગદિત બની ગઇ. ભગવાન જે દિશામાં બિરાજમાન હતા તે દિશાને વંદન કરીને ભગવાનની સ્તુતિ કરવા લાગી. એની ભક્તિ અને શ્રદ્ધાથી અંબડ પરિવ્રાજક ખુશ થયો.

સુલસા ગુણવત્તી, શીલવત્તી અને શાંતિપ્રિય સ્વભાવની હતી. એને પુત્રયોગ નહીં હોવાથી એણે એના પતિને અન્ય કન્યા સાથે લગ્ન કરવાનું કહ્યું હતું, પરંતુ એના પતિ નાગે કહ્યું, મારા ભાગ્યમાં પુત્રયોગ હશે તો તે તારાથી જ. એ પછી સુલસાએ તપશ્ચર્યા અને ધર્મઆરાધના શરૂ  કરી. એની ભાવવિશુદ્ધિવાળી આરાધનાથી પ્રસન્ન થયેલા ઇન્દ્રે દેવસભામાં એની પ્રશંસા કરતાં હરિણૈગમેષીદેવે તેની કસોટી કરી. તેઓ સાધુનું રૂપ લઇને આવ્યા અને સુલસા પાસે લક્ષપાક તેલની માંગણી કરી. સુલસા લક્ષપાક તેલનો કુંભ લઇને આવી, પરંતુ દેવે અદૃશ્ય રીતે તેલનો કુંભ પાડી નાખતાં તેલ ઢોળાઇ ગયું. આ રીતે ચાર ઘડા લાવી અને બધા જ દેવે તોડી નાખ્યા. આમ છતાં સુલસાના ચહેરા પર કલેશની એક રેખા પણ જોવા ન મળી. સુલસાની સ્વસ્થતા, સંકલ્પશક્તિ અને જિનભક્તિ જોઇને દેવે એમને આર્શીવાદ આપ્યા અને સુલસાને બત્રીસ પુત્રો થયા.

સુલસાએ પુત્રોને ધર્મ, કલા, નીતિ અને શાસ્રમાં પારંગત કર્યા, પરંતુ રાજગૃહી નગરીના શ્રેણિક રાજાના પક્ષમાં રહીને ચેટક રાજા સામે લડતાં એના બત્રીસે પુત્રો યુદ્ધમાં હોમાય ગયા. સુલસા પારાવાર શોકમાં ડૂબી ગઇ. નગરજનો એમાં સહભાગી થવા આવ્યા. આ સમયે અભયકુમારે શોક કરવાથી આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થતાં વિશેષ કર્મબંધ થાય છે એમ કહીને સુલસા અને નાગને શાંતિ આપી. આ સુલસાએ શ્રાવિકા તરીકે ઉત્તમ જીવન ગાળ્યું અને સમાધિમરણ પામીને દેવલોકમાં સિધાવી. આવી શ્રાવિકાનો આત્મા આવતી ચોવીસીમાં 'નિર્મમ' નામના પંદરમાં તીર્થંકર થશે. ધર્મશ્રદ્ધાની અપૂર્વ કસોટીઓ પાર કરનાર સુલસાના જીવનમાં જૈન ધર્મ પરની અડગ શ્રધ્ધા, આયંબિલ વ્રતની કઠોર તપશ્ચર્યા, નિર્મળ સમક્તિ ભાવના, ઉદાત સ્વભાવ અને સત્વશીલ જીવન વૃત્તિ જોવા મળે છે.

# મનોરમા

શીલ તો સુદર્શન શેઠનું. સદાચારી જીવન ગાળનાર સુદર્શન શેઠના જીવનમાં શીલની કપરી અગ્નિપરીક્ષા થઇ. અંગ દેશની ચંપાપુરી નગરીના રાજા દધિવાહનની રાણી અભયાએ શેઠ સુદર્શનનો ગર્વ ઉતારવાનો નિર્ણય કર્યો. રાણી અભયા માનતી કે પોતાના અપાર દેહસૌંદર્યને કારણે જો એ કોઇનો કામાતુર બની તે હાથ પકડે તો પથ્થર પણ પીગળી જાય, તો પુરુષને ચળાવવામાં કઇ મુશ્કેલી હોય ? કઠોર વનવાસીઓ અને તપસ્વીઓએ નારીના મોહને કારણે વન અને તપ છોડી દીધા, ત્યારે આ મૃદુ મનવાળો ગૃહસ્થ સુદર્શન તે વળી શી વિસાતમાં?

પુરોહિતની પત્નિ કપિલા શેઠ સુદર્શન પર મોહ પામી હતી, પરંતુ શેઠ સુદર્શન એની મોહજાળમાં ફસાયા નહીં, તેથી એણે રાણી અભયાના આ ગર્વમાં ઘમંડનું ઘી હોમવાનું કામ કર્યું.

પર્વના દિવસે પોતાના આવાસમાં સુદર્શન કાયોત્સર્ગ કરીને ઊભા હતા ત્યારે અભયા રાણીના સેવકો સુદર્શનને પકડીને મહેલમાં લઇ આવ્યા. રાણી અભયાએ એને વશ કરવા સામ, દામ દંડ અને ભેદ અજમાવી જોયાં. એને અંગસ્પર્શ કરવા પ્રયાસ કર્યો, પરંતુ શેઠ સુદર્શને તો પ્રતિજ્ઞા કરી હતી કે જ્યાં સુધી આવી પડેલી આફત દૂર નહીં થાય, ત્યાં સુધી કાયોત્સર્ગમાં જ રહીશ અને કાયોત્સર્ગ રહેશે ત્યાં સુધી અનશન ચાલુ રાખીશ. રાણી અભયાના તમામ પ્રયત્નો નિષ્ફળ જતાં એ વધુ ઉશ્કેરાઇ અને એણે સુદર્શનને કલંકિત કરવા જાતે પોતાના શરીર પર ઉઝરડા ભરીને શેઠ સુદર્શન પર બળાત્કારનો આરોપ મૂક્યો. રાજા દધિવાહન સુદર્શનના શીલ–ધર્મને જાણતો હતો, પરંતુ વારંવાર પૂછવા છતાં સુદર્શન મૌન રહ્યાં. એમને હતું કે જો હું સાચી વાત કહીશ, તો રાણીની શી હાલત થશે ? બોલે તો રાણીને માથે આફત આવે અને એને શૂળીએ ચડવું પડે. એને બદલે મૌન રહીને પોતાના માથે આફત ઓઢી લેવાનું વધુ મુનાસિબ માન્યું.

રાજાએ સુદર્શનને શૂળી પર ચડાવવાની સજા કરી. સુદર્શનના મુખ પર મેંશ ચોપડી, શરીરે લાલ ગેરુનો લેપ કર્યો, ગળામાં ચિત્ર–વિચિત્ર માળાઓ પહેરાવી અને ગધેડા પર બેસાડ્યો. માથે સૂપડાનું છત્ર ધર્યું અને આગળ ફુટેલુ ઢોલ પીટતા પીટતા સુદર્શનને ગામમાં ફેરવવામાં આવ્યો. સુદર્શન તો ધ્યાનમાં અને પ્રભુસ્મરણમાં ડૂબેલો હતો. નગરજનોનો શેઠ સુદર્શનના શીલ માટેનો વિશ્વાસ ડગવા માંડ્યો, પરંતુ એની પત્ની સતી મનોરમાને પતિની પવિત્રતામાં પૂર્ણ આસ્થા હતી. એને વિશ્વાસ હતો કે એના સદાચારી પતિ કદી આવું દુષ્કૃત્ય કરેજ નહીં.

ઊંડો વિચાર કરતાં સતી મનોરમાને લાગ્યું કે આ કોઇ પૂર્વના અશુભ કર્મનું ફળ ઉદયમાં આવ્યું લાગે છે. આપતિના સમયે ધર્મશ્રદ્ધા એ જ સાચું શરણું. સતી મનોરમા પ્રભુભક્તિમાં ઊંડા ઊતરી ગયાં. એના ઘરની આગળ હો–હા મચી ગઇ. શેઠ સુદર્શનને ગામમાં ફેરવતા–ફેરવતા તેમના ઘરની આગળ લાવ્યા હતા. ચોતરફ કોલાહલ થતો હતો. ઢોલ પિટાતો હતો.એની આગળ રાજસેવકો ચાલતા હતા. તેઓ ઘોષણા કરતા હતા કે આ સુદર્શને રાણીવાસમાં ગંભીર ગુનો કર્યો છે. એની સજારૂ પે એનો જાહેરમાં વધ કરવામાં આવશે.

શેઠ સુદર્શન ધ્યાનમગ્ન હતા. સતી મનોરમા પ્રભુમગ્ન હતી. મનોરમાને દૃઢ વિશ્વાસ હતો કે આ અણધારી આફત જરૂ ર દૂર થશે. અગ્નિપરીક્ષામાંથી પોતાના પતિ પાર ઊતરશે. સતી મનોરમાએ મનોમન દૃઢ નિશ્ચય કર્યો કે જ્યાં સુધી મારા પતિ પર આવેલી આ આફત દૂર થાય નહીં, ત્યાં સુધી કાયોત્સર્ગમાં રહીશ અને અનશન રાખીશ. સતી મનોરમાની ભક્તિ જોઇને શાસનદેવી પ્રગટ થયાં. એમણે સતીની શ્રદ્ધા અને સંકલ્પ જોઇને પોતાની પ્રસન્નતા પ્રગટ કરી. શાસનદેવીએ કહ્યું કે એના પતિ આ સંકટમાંથી સાંગોપાંગ પાર ઊતરશે અને એમના પર આવેલું આળ દૂર થશે.

રાજસેવકો સુદર્શન શેઠને શૂળી પર લઇ ગયા. એમને શૂળી પર ચડાવતાં શૂળી તૂટી ગઇ. શૂળીને સ્થાને સોનાનું સિંહાસન દેખાયું. જનસમૂહે સુદર્શન શ્રેષ્ઠીનો જયજયકાર કર્યો. અંતે રાણીનો પ્રપંચ ખુલ્લો પડી ગયો. રાજાએ પોતાની ભૂલ બદલ ક્ષમા માગી, બન્નેએ એક બીજાને ખમાવ્યાં. મહાસતી મનોરમાની દૃઢ પ્રતિજ્ઞા અને સુદર્શન શેઠનું પવિત્ર શીલ અંતે વિજયી બન્યાં.

# અનુપમાદેવી

વિક્રમના તેરમા સૈકામાં ગુજરાતના સુવર્ણયુગની છેલ્લી આભા પ્રકાશી રહી હતી. ઇતિહાસમાં અમર બનનાર વસ્તુપાળ તેજપાળની બાંધવબેલડીની કારકિર્દીનું પહેલું પ્રભાત ઉઘડતું હતું. તેજપાળની પત્ની અનુપમાનો વાન ભીનો હતો. ઘાટ પણ નમણો કહેવાય તેવો નહોતો, પરંતુ બુદ્ધિમાં એ જાણે સરસ્વતીનો અવતાર હતી. કુટુંબસંસારની જ નહીં, પણ રાજકારણી ગુંચ ઉકેલવાનીય એનામાં અજબ હૈયાઉકલત હતી.

તેજપાળ અને અનુપમાદેવી બંને ધર્મપરાયણ હોવાથી એમને ત્યાં સાધુ – સંતોની સદૈવ વૈયાવચ્ચ ભક્તિ થતી હતી. એક વાર અનુપમા દેવી યતિઓને ભિક્ષા આપતા હતા. યતિના હાથમાંથી ભિક્ષાનું પાત્ર છટકી ગયું અને એમાં રહેલા ઘીથી અનુપમાનાં વસ્રો લથબથ થઇ ગયાં. બાજુમાં ઊભેલા મંત્રી તેજપાળનો ગુસ્સો ફાટવાની તૈયારીમાં હતો. તેજપાળ રાતાપીળા થઇ ગયા અને ઘી ઢોળાયું તેમાં તેમને અમંગળ ભાવિની આશંકા આવવા લાગી.

અનુપમાદેવીએ પરિસ્થિતિને સંભાળી લીધી અને કહ્યું, અરે ! કોઇ ઘાંચીને ઘેર જન્મી હોત તો મારી સ્થિતિ કેવી હોત ? પરંતુ આજે હું ઘણી ભાગ્યશાળી છું, કારણ કે ગુરુના પાત્રમાંથી માંગ્યો પણ ન મળે તેવો ઘૃત–અભિષેક મને પ્રાપ્ત થયો છે.

અનુપમાદેવીની વાતથી તેજપાળનો ગુસ્સો શમી ગયો અને વિચારવા લાગ્યો કે મીઠી વાણી સાથેનું દાન, અભિમાન વગરનું જ્ઞાન, ક્ષમા સાથેનું સામર્થ્ય અને ત્યાગ–ભાવના સાથેનું ધન – એ ચારેય વસ્તુ અત્યંત દુર્લભ છે, કિંતુ અનુપમાદેવીના જીવનમાં ચારેનો સંગમ થયો છે. અનુપમાદેવી સહુને મુક્ત મને દાન કરતાં હોવાથી ‘ષડ્દર્શનમાતા’ તરીકે એમની ખ્યાતિ હતી.

વસ્તુપાળ અને તેજપાળ શત્રુંજય અને ગિરનાર તીર્થની યાત્રા કરવા નીકળ્યા. પોતાની જે કંઇ સંપત્તિ હતી તે સાથે લઇને આ મંત્રી–કુટુંબ યાત્રાર્થે નીકળ્યું હતું. એક દિવસ બંને ભાઇઓ વચમાં આવતા ‘હડાળા’ નામના ગામમાં નિરાંતે બેઠા હતા, ત્યાં વિચાર આવ્યો કે સોરઠમાં તો ભલભલા લોકો લૂંટારાનો ભોગ બનીને લુંટાઇ જાય છે. આથી એમણે પોતાની સાથેની મિલકતનો ત્રીજો ભાગ જંગલમાં ક્યાંક ભંડારી દેવાનું નક્કી કર્યું. રાત્રે બંને ભાઇઓ પોતાનું એ ધન ધરતીમાં દાટવા ગયા, ત્યાં તો ધરતીમાંથી સોનામહેરો ભરેલો ચરુ નીકળી આવ્યો. એમણે વિચાર્યું કે આપણે લક્ષ્મીને ભૂમિમાં ભંડારવા ગયા પરંતુ ભૂમિમાંથી વધુ લક્ષ્મી મળી.

બંને ભાઇઓએ વિચાર્યુ કે આ આપણી મહેનતનું ધન નથી તેથી તેનો શો ઉપયોગ કરવો ? આ અંગે અનુપમાદેવીની સલાહ પૂછી તો એમણે કહ્યું કે ધનને ધરતીમાં ભંડારીને રાખવાને બદલે ઊંચે શિખર પર મૂકવું જોઇએ. એમાં જ માનવી અને સંપત્તિ બંનેની શોભા છે. લોભી વ્યક્તિ ધનને દાટીને અધોગતિ પામે છે. એ જ ધનને ઉંચે ગિરિવરો ઉપર જિનાલયોમાં ખર્ચીને ઉર્ધ્વગતિ પણ પામે છે, માટે શત્રુંજય અને ગિરનાર તીર્થના ઉદ્ધારમાં આ ધનનો ઉપયોગ કરીએ તેવો વિચાર અનુપમાદેવીએ કહ્યો. વસ્તુપાળના અંતરમાં અનુપમાદેવીની વાત વસી ગઇ. તેજપાળ એમના નિર્લોભીપણા માટે રાજી–રાજી થઇ ગયો.

શ્રી શત્રુંજય મહાતીર્થમાં વામદેવ સલાટ પાસે ‘નંદીશ્વર જિનપ્રસાદ’ બનાવ્યો અને એ મહાતીર્થમાં અનુપમ સરોવર બંધાવ્યું. સં. ૧૨૯૨માં પંચમી તપનું ઉજવણું કરતી વખતે પચીસ સમવસરણ બનાવ્યાં. અને શત્રુંજય તીર્થની તળેટીમાં બત્રીસ વાડીઓ અને ગિરનાર તીર્થની તળેટીમાં સોળ વાડીઓ બનાવી. તેજલપુરમાં જિનાલય, સરોવર અને પોશાળ બનાવ્યા. આબુ ગિરિરાજ પર નેમિનાથ ભગવાનનો દેવવિમાન જેવો ‘લૂણિગવસહી’ નામે મનોહર, કલામય અને ભવ્ય પ્રાસાદ તૈયાર કરાવ્યો. અનુપમાદેવીએ શિલ્પીઓની માતાની માફક સંભાળ લીધી. એમના શરીર સ્વસ્થ અને સ્ફૂર્તિવાળાં રહે તે માટે મર્દન કરવાવાળા માણસો રાખ્યા. બધાને પૂરતી રકમ આપી. અને આબુમાં અજોડ જિનાલયોની રચના કરી. અનુપમાદેવી વિશે એમના સમયના કવિઓએ લખ્યું,

‘‘લક્ષ્મી ચંચળ છે, પાર્વતી ચંડી છે, ઇંદ્રાણી શોક્યવાળી છે, ગંગા નીચે વહેનારી છે, સરસ્વતી તો કેવળ વાણીની સારવાળી છે, પણ અનુપમા અનુપમ છે.’’

# નાગિલા

મોટાભાઇ ભવદત્તની સાથે નાનો ભાઇ ભવદેવ પણ સંયમના માર્ગે ચાલી નીકળ્યો. ભવદેવની પત્ની નાગિલાના શણગારનો ઉત્સવ રચાયો હતો. શણગારથી શોભતી નવવધૂ નાગિલાને ભવદેવે કહ્યું.

‘‘મારે માટે મોટાભાઇની ઇચ્છા એજ સર્વસ્વ છે. આથી હવે સંસારને બદલે સાધુતા મારો જીવનપથ બનશે’’ મોટાભાઇ ભવદત્તની જેમ ભવદેવ પણ સુસ્થિત આચાર્યના શિષ્ય બન્યા. ભવદેવના કેટલાક દિવસો વૈરાગ્યભાવમાં વ્યતીત થયા, પરંતુ વર્ષાનાં પૂર શમી જતાં સરિતાના તળિયે રહેલો કાંપ દ્રષ્ટિગોચર થાય તેમ મુનિ ભવદેવને એકાંતમાં નાગિલાનું સ્નેહભીનું સ્મરણ થવા લાગ્યું. ચાતુર્માસના સ્થિરવાસ સમયે આકાશનાં ઘનશ્યામ વાદળોમાં નાગિલાનો કેશપાશ દેખાતો હતો. ઇન્દ્રધનુષ્યમાં નાગિલાના નૃત્યના રંગો વિખરાયેલા લાગતા હતા. મયૂરોની કેકામાં નાગિલાનો કંઠરવ સંભળાતો હતો. રિમઝિમ વરસતાં વાદળોમાં નાગિલાના વિરહની પીડાથી સતત ટપકતાં આસું દેખાતાં હતાં.

jainuniversity.org

એક દિવસ મોટાભાઇ મહામુનિ ભવદત્ત કાળધર્મ પામ્યા. એ પછી ભવદેવે વિચાર્યું કે રુદન કરી–કરી થાકેલા એના હ્રદયને નાગિલા જ શાંત કરી શકે તેમ છે. આજ સુધી તો નાગિલા પાસે જતાં અકળ બેડીઓ પગમાં જકડાઇ જતી હતી, પરંતુ મોટાભાઇનો કાળધર્મ થતાં હવે એવો અનુભવ થતો નહોતો. બાર–બાર વર્ષ બાદ મુનિ ભવદેવ પોતાના ગામ સુગ્રામમાં આવ્યા. અહીં એક મંદિરમાં ઉતારો કર્યો. મુનિ ભવદેવ આવ્યાના સમાચાર નાગિલાને મળ્યા. એણે જાણ્યું કે મુનિ ચારિત્ર્ય છોડવા ઉત્સુક બન્યા છે ત્યારે ઊંડા વિચારમાં પડી ગઇ. સ્વધર્મથી પીઠ બતાવે તે તો કાયર કહેવાય. નાગિલાએ એક વૃદ્ધ શ્રાવિકાને પોતાની યોજના સમજાવી. એક બાળકને થોડું શિખવાડીને તૈયાર કર્યો.

રાત્રિ પૂર્ણ થતાં નાગિલા વૃદ્ધ શ્રાવિકા સાથે ભવદેવ ઊતર્યા હતાં તે મંદિરે આવી. નાગિલાને મળવા આતુર એવા ભવદેવે એ સ્ત્રીને પૂછ્યું, ‘‘ગામમાં નાગિલા ક્યાં રહે છે ? એ શું કરે છે ?’’

એ સમયે ગોઠવણી મુજબ એક બાળક આવીને નાગિલાને કહેવા લાગ્યો ‘‘મા ! મા ! આજે મને ગામમાં જમવાનું નોતરું મળ્યું છે. ભોજન સાથે દક્ષિણા પણ ખરી, આથી મારે પહેલાં પીધેલું દૂધ વમન કરી નાખવું છે, પછી ભોજન અને દક્ષિણા બાદ પાછું વમન કરેલું એ દૂધ પી જઇશ.’’

આ સાંભળી મુનિ ભવદેવ હસી પડ્યા અને બોલ્યા, ‘‘અરે બાળક ! કેવી બેહુદી વાત કરે છે તુ ? વમન કરેલું, નીંદવા યોગ્ય દૂધ તું પાછો પી જઇશ ?’’

આ સાંભળી નાગિલાએ કહ્યું, ‘‘મુનિરાજ, હું જ નાગિલા છું. આપે પૂર્વે જે સંસારને ત્યજી દીધો છે, તેને ફરી સ્વીકારવા ચાહો છો ? ભવસમુદ્ર તારક એવી દીક્ષાનો આપે સ્વીકાર કર્યો છે તો પછી શા માટે દુર્ગતિરૂ પ સંસારને પુન: સ્વીકારવા ઉત્સુક બન્યા છો ? માંડ માંડ અશ્વ સવારી મળી છે તે છોડીને ગર્દભ પર સવારી કરવાનું કેમ વિચારો છો ? આપ જે ચારિત્ર્યના માર્ગ પર ચાલો છો એ જ ચારિત્ર્યનો માર્ગ શાલિભદ્ર, મેઘકુમાર અને ધન્ના શેઠને મુક્તિમોક્ષ સુધી લઇ ગયો તે કેમ વીસરી જાવ છો ? ગુફામાં નિર્વસ્ત્ર રાજુલ સાધ્વીને વિચલિત થયેલા રથનેમિને રાજુલે આપેલા ઉપદેશથી દેહની ક્ષણભંગુરતાનો ખ્યાલ આવ્યો અને રથનેમિએ મન પર કાબુ મેળવ્યો હતો તે શું આપ ભૂલી ગયા ? મનના મદમસ્ત હાથીને આપ અંકુશ લગાવી કાબૂમાં કેમ રાખતા નથી ? જન્મ મૃત્યુના ભ્રમણમાંથી મુક્ત થવાનો આ એક જ માર્ગ છે તે આપ સારી રીતે જાણો છો. વળી મને જણાવતાં આનંદ ઊપજે છે કે મેં પણ ગુરુ પાસેથી શીલવ્રત અંગીકાર કર્યું છે. તમે પણ ગુરુ પાસે પાછા જઇને શુદ્ધ ચારિત્ર પાળો.’’

મુનિ ભવદેવ નાગિલા પાસેથી ઉપદેશ પામીને ગુરુ પાસે ગયા. સમય જતાં તેઓ આ અવસર્પિણી કાળમાં ભરતક્ષેત્રના છેલ્લા કેવળજ્ઞાની જંબૂસ્વામી બન્યા.

# ગંગામા

ગુજરાતની મહાજન પરંપરાનો તેજસ્વી ઇતિહાસ છે અને તેમાં પણ અમદાવાદના નગરશેઠની તો ભવ્ય અને ઉજ્જવળ પરંપરા જોવા મળે છે. જિનશાસનની કીર્તિગાથાનું આ એક યશસ્વી પ્રકરણ છે. શેઠ શાંતિદાસની કુનેહ, ઉદારતા અને ધર્મપરાયણતા એમના વારસોમાં ઊતરી આવી. માત્ર નગરશેઠ જ નહીં. પરંતુ હરકુંવર શેઠાણી, ગંગામાં, મોહિનાબા જેવાં આ કુટુંબનાં નારીરત્નોએ ધર્મ અને સમાજમાં આગવો પ્રભાવ પાથર્યો હતો. શેઠ દલપતભાઇનાં પત્ની ગંગાબહેન અનેકવિધ ધર્મકાર્યોમાં સદાય અગ્રેસર રહેતાં હતાં. વિ. સં. ૧૯૨૧ માં શેઠ શ્રી દલપતભાઇએ તીર્થાધિરાજ શ્રી શંત્રુજયનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. પૂજ્ય મૂળચંદજી મહારાજ આ સંઘ સાથે હતા અને એ સમયે પૂજ્ય વૃદ્ધિચંદ્રજી મહારાજ પાલિતાણાથી ભાવનગર પધાર્યા હતા. આ સંઘમાં ગંગામાએ સાધુ–સાધ્વીઓની વૈયાવચ્ચમાં અને શ્રાવક શ્રાવિકાઓની સાધર્મિક ભક્તિમાં અઢળક ધન તો ખર્ચ્યું, પરંતુ એની પાછળ પોતાની જાત પણ ઘસી નાખી. ચારે પ્રકારના સંઘની ગરિમા વહન કરતાં ગંગામાં ધર્મમાતા સમાન હતાં. સહુ કોઇને એમની પાસેથી માતાની મમતા, વાત્સલ્ય અને સેવા મળતાં હતાં અને તેથી જ તેઓ ગંગામાં તરીકે ઓળખાતાં હતાં. એમની ઉદારતા જોઇને સહુને આબુ ઉપર અક્ષયકીર્તિ સમાં દેવાલયો બંધાવનાર અનુપમાદેવીનું સ્મરણ થતું હતું. વિ. સં. ૧૯૬૭ના કારતક વદ ૯ થી માગસર વદ ૧૦ ને રવિવાર સુધી અમદાવાદના ચારેય સંઘને અમદાવાદની શહેરયાત્રા કરાવી. આ ધર્મપ્રસંગ એટલો વિરલ હતો કે મુનિરાજ શ્રી રત્નવિજયજી મહારાજે આ ધર્મયાત્રાને વર્ણવતું ભાવવાહી સ્તવન રચ્યું હતું.

એક વાર ગંગામાં આચાર્યશ્રી નેમિસૂરીશ્વરજી મ.સા.નું વ્યાખ્યાન સાંભળતા હતા. આ સમયે શાસનસમ્રાટ આચાર્યશ્રીએ એમની સિંહગર્જનાભરી વાણીમાં તીર્થરક્ષાના મહત્વ અંગે વિસ્તૃત વિવરણ કર્યું. ગંગામાના ચિત્તમાં આનાથી ઉલ્કાપાત જાગ્યો. એ સમયે પરમ પવિત્ર સમેતશિખરજી પહાડ પર અંગ્રેજો, શિકારીઓ અને સહેલાણીઓ માટે એક ગેસ્ટ હાઉસ બાંધી રહ્યાં હતા.

ગંગામાનું ચિત્ત વિચારે ચડ્યું. અનેક તીર્થંકરો અને મુનિગણોની તપોભૂમિ અને નિર્વાણભૂમિની આવી આશાતના! કેવી પાવન છે આ તીર્થભૂમિ કે જ્યાંથી વીસ તીર્થંકર પરમાત્માઓ અને અનેક મુનિગણો તપશ્ચર્યા કરતાં મોક્ષે સિધાવ્યા છે! આવી પાવનભૂમિ પર અંગ્રેજ સહેલાણીઓ માટે મોજશોખ, શિકાર, આનંદપ્રમોદ, માંસાહાર, મદિરા અને અભક્ષ્ય ભોજનનું અતિથિગૃહ ? ગંગામાં મનોમન પ્રભુ પાર્શ્વનાથની પ્રાર્થના કરવા લાગ્યા. શ્રી સમેતશિખર પર્વત પણ શ્રી પાર્શ્વનાથ પર્વત તરીકે જાણીતો હતો. આ આપત્તિમાંથી ઉગારવા માટે ગંગામાં પાર્શ્વનાથ ભગવાનનું સ્તવન ગાવા લાગ્યાં.

ગંગામાને પોતાના વીર પૂર્વજોનું સ્મરણ થયું. શેઠ શાંતિદાસે તીર્થરક્ષા માટે તો ધર્મઝનુની એવા ઔરંગઝેબને નમાવ્યો હતો. ગંગામાના પુત્ર લાલભાઇ ભોજન માટે આવ્યા ત્યારે ગંગામાએ એમની થાળીમાં બંગડીઓ પીરસી લાલભાઇ આનો અર્થ સમજી શક્યા નહીં ત્યારે ગંગામાએ કહ્યું.

''આચાર્ય નેમિસૂરીશ્વરજી મહારાજ સાહેબ તીર્થરક્ષા કાજે વ્યથિત છે ત્યારે તમે નગરશેઠ હોવા છતાં કશું કરતા નથી. આવા નિષ્ક્રિય જ રહેવાના હો તો આ બંગડી પહેરી લો અને મને તમારી સત્તા આપી દો. હું તીર્થરક્ષા માટે મારા પ્રાણની આહુતિ આપવા તૈયાર છું.''

માતાના પુણ્યપ્રકોપે લાલભાઇમાં જુસ્સો જગાડ્યો. પુત્રના વીરત્વને માતાની વાણીએ જાગ્રત કર્યું. એમણે અંગ્રેજ સરકાર સામે પ્રચંડ વિરોધ નોંધાવ્યો અને ગેસ્ટ હાઉસનું બાંધકામ બંધ રખાવ્યું.

ગંગામાં સાધુ–સાધ્વીઓને અગાધ આદર આપતા હતાં. સાથોસાથ પાંચ મહાવ્રતોની બાબતમાં સાધુ–સાધ્વી સમુદાયમાં શિથીલતા પેસી ન જાય તેની તકેદારી પણ રાખતાં હતાં. ક્યાંક કોઇ ક્ષતિ કે ઊણપ જુએ કે તરત જ વહાલસોયી માતાની માફક ધ્યાન દોરે. પોતાના પરિવારમાં પણ ધર્મમર્યાદા જળવાય તે માટે સદૈવ જાગ્રત રહેતાં અને અભક્ષ્ય ભક્ષણ ન થાય તેની સાવચેતી રાખતાં. આવાં હતાં ધર્મમાતા સમા ગંગામા!


www.jainuniversity.org